દેશ-પરદેશની આજકાલ

તા. ૧૩-૧૨-૨૦૧૧, મંગળવાર

# ઇન્ડઆર્ય ગ્રીન પાવર પ્રા.લિ. દ્વારા અબડાસામાં રૂા. ૪૫૦૦ કરોડના ખર્ચે 'ઉર્જા પાર્ક' ની સ્થાપના થશે

## ભુજમાં કચેરીનું ઉદ્દ્ઘાટનઃ ૨૦૦૦ એકર જમીનમાં સ્થાપાનારા પાર્કમાંથી પ્રથમ તબક્કામાં ૩૦૦ મે.વો. સૌર ઉર્જા અને ૨૫ મે.વો. પવન ઉર્જાનું થનારૂં ઉત્પાદન



આજકાલ પ્રતિનિધિ-ભુજ

ઇન્ડઆર્ય ગ્રીન પાવર પ્રા.લિ. રૂા.૪૫૦૦ કરોડના ખર્ચે અબડાસામાં મહત્વપૂર્ણ પ્લાન્ટની સ્થાપના કરવા જઇ રહ્યું છે, જેને કારણે પ્રતિવર્ષ ૫૦૦ મેગા વોટ એસપીવી ઉર્જાનું ઉત્પાદન થશે તેવું ભુજ ખાતે ગુજરાત ખાતેની કચેરીનું ઉદ્દ્ઘાટન કરતાં કંપનીના ભારતીય કામગીરીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી જગન્નાથે પત્રકારોને માહિતી આપતાં જણાવ્યું હતું.

વધુમાં તેમણે અબડાસામાં નિર્માણ પામી રહેલા સંકલિત પુનઃપ્રાપ્ત ઉર્જા પાર્ક એ આધુનિક ટેક્નોલોજી ધરાવતો એશિયાનો આ પ્રકારનો પ્રથમ અને ભારતનો સૌથી મોટો પાર્ક છે, આ પાર્કમાં સૌર ઉર્જા, પવન ઉર્જા, એનર્જી પ્લાન્ટેશન અને બાયોમાસ એનર્જી ઉત્પાદન જેવી બાબતોનું સંકલન હશે. આ પાર્ક તમામં માટે સાધનો અને પૂર્જાના ઉત્પાદન માટેની સુવિધા ઉપલબ્ધ બનાવશે. આ સંકલિત પાર્ક ૨૦૦૦ એકર જમીનમાં સ્થાપવામાં આવશે અને તે પ્રથમ તબક્કામાં ૩૦૦ મે.વો.સૌર ઉર્જા અને ૨૫ મે.વો. પવન ઉર્જાનું ઉત્પાદન કરનાર હોય દેશમાં એક જ સ્થળેથી પુનઃપ્રાપ્ત ઉર્જાનાં ઉત્પાદનનું સૌથી મોટુ સ્થળ અબડાસાનું ગામ બનશે.

જોકે, ૨૦૧૪ સુધીનું વૈશ્વિક લક્ષ્ય એશિયા-પેસિફિક ક્ષેત્રે ૩૦૦૦ મે.વો.ની સૌર ઉર્જા પ્લાન્ટ સ્થાપવાનું છે, જેનું સંચાલન ગુજરાતમાંથી સેટેલાઇટ ટેક્નોલોજીથી કરવામાં આવશે, જેનું નિયંત્રણ જીપીઆરએસ સોફ્ટવેર દ્વારા કરવામાં આવશે.

અંતમાં તેમણે આ પાર્કમાં વિશ્વની સૌથી ઉત્કૃષ્ટ આરએન્ડડી સુવિધા હશે જે પુનઃપ્રાપ્ત ઉર્જાના સંશોધનાત્મક સ્ત્રોત્ર મેળવવા અંગે સતત કાર્યરત રહેશે. કેમકે, સુવિધાનું લક્ષ્ય તમામ લોકને સદાય શુધ્ધ ઉર્જા પ્રાપ્ત બને તેવા પ્રયત્નો કરવાનું હોવાનું જણાવ્યું હતું.